ભૂખનું દુઃખ જ અજબનું છે. જીવનની આદિકાળથી એક જ પ્રવૃત્તિ રહી છે. પેટ ભરવાની. 'પેટ કરાવે વેઠ.' પ્રભાતનાં કિરણો પૂર્વ દિશામાં ફૂટે છે, કોલાહલ શરૂ થઈ જાય છે. પંખીઓ માળા છોડી ગગનમાં ઉડ્ડયન કરે છે, પોતાનાં બાળ-બચ્ચાંનાં ભરણપોષણ અર્થે ખેડૂતો હળ અને બળદ લઈને ખેતરમાં પહોંચી જાય છે. વેપારી દુકાનો ખોલે છે, નોકરિયાત નોકરી પર જાય છે, સેવક ભાઈબહેનો તેના કાર્યમાં મંડી પડે છે. ખેડૂત હોય કે શેઠ, વેપારી હોય કે નોકર, સ્વામી હોય કે સેવક, સૌની આ પ્રવૃત્તિના કેન્દ્રમાં છે પેટ... એટલે કે અન્ન. કોઈ પણ પ્રાણીને ખાધા વિના ચાલતું નથી, મનુષ્ય વસ્ત્ર વિના, ધન વિના, ઘર વિના રહી શકે પણ અન્ન વિના નિષ્પ્રાણ થઈ જશે.



# પેટ કરાવે વેઠ, ભૂખ કરાવે પાપ...!



જીવન સરગમ

બિન્દુબેન કચરા

ભૂખની સીધી અસર માનવીના શરીર પર થાય છે. શરીર હાડપિંજર જેવું બની જાય છે. અન્નના અભાવે ઘણાં મરણને શરણ થાય છે. ભૂખ્યો માનવી દયામણો, લાચાર અને હતાશ બની જાય છે. હાલની પૂરની પરિસ્થિતિમાં આવા કેટલાય ભૂખથી પીડાતાં દયામણા લાચાર ચહેરા જોવા મળ્યા- કરોડપતિ, બંગલામાં રહેનારા પણ કહેતા સાંભળ્યા કે પૈસાને શું કરીએ આ પરિસ્થિતિમાં ચારચાર દિવસ સુધી દૂધ નહીં ચા વગર તડપવું પડ્યું. નાસ્તા નહીં- લાચાર બની ગયા છીએ. અમારું હીર અને ખમીર હણાઈ ગયું છે. ઝૂંપડપટ્ટીવાળાની તો અન્ન વગર શી દશા? તેઓ તો સાવ રાંક અને કાયર બની જાય છે. સરકારી તંત્ર મદદ કરે છે પણ કેટલા દિવસ?

સુદામાની વાત જોઈએ. સુદામાના બાળકોની સ્થિતિ ભૂખને લીધે કેવી દયામણી બની હતી. કૃપાચાર્ય પોતાના બાળકની દૂધની ભૂખ સંતોષી શક્યા નહીં. ગુરુપત્નીએ પાણીમાં ઘઉંનો લોટ હલાવીને પાવો પડ્યો. સુદામાની પત્ની સુદામાને કહે છે કે આ જ્ઞાન નથી ગમતું. ઋષિરાયજી રે બાળકો ભૂખે ટળવળે છે. મિત્ર કૃષ્ણ પાસે જઈ માંગવામાં શાની શરમ? આમ ભૂખનું દુઃખ ભૂંડું છે. ભલભલાની ટેક તોડાવી નાંખે છે. રાણા પ્રતાપ જ્યારે ડુંગરાઓમાં ભટકતું જીવન ગાળતા હતા ત્યારે એની દીકરીના હાથમાંથી બિલાડી રોટલો પડાવી ગઈ અને દીકરીને ખાવા આપવા એની પાસે કંઈ ન હતું. ત્યારે તે સ્વમાની રાણા પ્રતાપ પણ એટલો ભાંગી પડ્યો કે અકબરની શરણાગતિ સ્વીકારવા તૈયાર થયો. અને તે અંગે પત્ર પણ લખ્યો.

ભૂખ એવી ભૂંડી છે માણસને શું નથી કરાવતી! ભૂખથી અકળાયેલો માણસ હેરાન બની જાય. અન્યનો જીવ લેવા આક્રમક બની જાય. દયા-નીતિ જેવા ગુણો અદૃશ્ય થઈ જાય. જગતનાં મોટા ભાગનાં પાપોનાં મૂળમાં ભૂખ દેખાશે અને તે માટે ગમે તે કરવા તૈયાર થઈ જાય.

અજયની વાત કરીએ. ખૂબ હોંશિયાર અને ડાહ્યો છોકરો. મધ્યમવર્ગીય પરિવાર. બધા નોકરી કરીને ઘર ચલાવે. બહેનને દેવું કરીને પરણાવી. પિતા ઉંમરલાયક થયા, શરીર નબળું પડતું ગયું. માતા પણ જેમતેમ નોકરી નિભાવી રહી હતી. શરીર સાથ દેતું ન હતું. બધાંની જવાબદારી અજય પર હતી. ભણતર છોડી નોકરીએ લાગ્યો. અચાનક પિતાને અકસ્માત થયો. મોટી સર્જરી કરવાની જરૂર પડી. પૈસા લાવવા ક્યાંથી? વધુ રજા પડવાથી નોકરી છૂટી ગઈ. નાનાં ભાઈબહેન. ખાવા-ખાવાની આપદા પડવા લાગી. આ બધી દ્વિધામાં ખૂબ મૂંઝાવા લાગ્યો. એક દિવસ હોસ્પિટલમાં સાંભળ્યું કે કોઈ માણસને કીડનીની જરૂર છે. તેણે ડૉક્ટરનો સંપર્ક કર્યો. બધા ટેસ્ટ પછી એની કીડની બીજા માણસમાં બેસાડવાનું નક્કી થયું. ભૂખે ટળવળતાં ભાઈભાંડુ માટે અજયે કીડની વેચી. આમ પરિવારની ભૂખ સંતોષવા કોઈ લોહી વેચે, કોઈ કીડની વેચે, કોઈ લૂંટફાટ કરે. અરે! પાપી પેટ ખાતર, પૈસા ખાતર સગો બાપ પોતાની દીકરીને દેહવિક્રય કરવા ફરજ પાડે છે. અરે! પતિ પણ પોતાની પત્નીને આવા ધંધામાં સામેલ કરી પોતાના પેટની ભૂખ સંતોષે છે.

**ભૂખ એવી ભૂંડી છે માણસને શું નથી કરાવતી! ભૂખથી અકળાયેલો માણસ હેરાન બની જાય. અન્યનો જીવ લેવા આક્રમક બની જાય. દયા-નીતિ જેવા ગુણો અદશ્ય થઈ જાય. જગતનાં મોટા ભાગનાં પાપોનાં મૂળમાં ભૂખ દેખાશે અને તે માટે ગમે તે કરવા તૈયાર થઈ જાય**

અરે! ખુદ સ્ત્રી પણ કેટલીક વાર પોતે પોતાનાં ભૂખ્યાં ટળવળતાં બાળકોની ભૂખને સંતોષવા જાતે વેશ્યાવાડો ચલાવે છે. પછી એ મજબૂરી એની આદત બની જાય છે. ભૂખનું દુઃખ દરેકને માટે સરખું હોય, ભૂખથી માણસ લાચાર બની જાય છે. મજબૂર બને, ક્રૂર બને, માણસ કૂતરા જેવો નથી કે ગમે તે ઉકરડામાં જઈ એંઠવાડ ચાટી લે, માણસ ફૂટપાથ પર સૂવાનું પસંદ કરશે પણ સ્વમાનથી રોજીરોટી મેળવવાનું પસંદ કરશે. એક બાજુ મોંઘવારી કૂદકે ને ભૂસકે વધી રહી છે. છાપાંઓમાં દરરોજ સમાચાર આવે છે. પૈસાની તાણને લીધે પરિવારનું ભરણપોષણ ન થતાં પરિવારના બધા સભ્યોએ ઝેર પી આપઘાત કર્યા, ક્યારેક સ્ત્રી પણ પોતાનાં બાળકોને ભૂખે ટળવળતાં જોઈ- હારીને આપઘાતનું પગલું ભરે છે. ભૂખ્યો માનવી પ્રાણ ટકાવવા મરણિયો બને છે. અનેક પાપો આચરે છે. કહેવાયું છે,

**'બુભૂક્ષિતઃ કિમ ન કરોતિ પાપમ?'**

ભૂખથી ટળવળતો માણસ કુટુંબ ત્યજી ચોરી લૂંટફાટ કરે છે. પૈસા માટે કોઈનું ખૂન પણ કરી બેસે છે. ભૂખથી પીડિત નાગણ પોતાનાં ઈંડાં ખાતા પણ અચકાતી નથી. દુનિયામાં જે પાપો થાય છે તેમાંનાં મોટા ભાગનાં પાપોનું કારણ અતૃપ્ત પેટ જ છે.

સોમવંશના રાજા રંતિદેવે એક વાર અડતાલીસ દિવસના ઉપવાસ કર્યા હતા. ઓગણપચાસમા દિવસે એ જમવા બેસતો હતો ત્યાં એક બ્રાહ્મણ આવી ચડ્યો. બ્રાહ્મણે કહ્યું- ''મહારાજ, ત્રણ દિવસથી કશું ખાધું નથી. થોડું જમવા આપો!'' રંતિદેવે બ્રાહ્મણને જમાડ્યો અને પોતે વધેલું ભોજન જમવા બેસતો હતો ત્યાં એક ક્ષુદ્ર આવી ચડ્યો.

રાજાએ તેને પણ ભોજન કરાવ્યું. આમ અંતે રાજા પાણી પીવા જતો હતો ત્યાં એક તરસ્યા ચાંડાળે આવીને પાણી માંગ્યું. રાજાએ પોતાનું જળપાત્ર આપી દીધું. આમ પોતે ભૂખ્યા રહીને બીજાની ભૂખ ઠારી. આ જ ખરા મહાત્મા કહેવાય.

આપણે તો ભૂખ ઉપરાંતનું વધારાનું ખાઈએ. કોઈને આપવાની ભાવના ક્યાં? આપણાં ઘરમાં, આપણી સંસ્કૃતિમાં ગાય-કૂતરા, કાગડા, બ્રાહ્મણનો ભાગ પહેલાં કાઢવાનો રિવાજ છે. 'અગ્નિને આહુતિ આપી તૃપ્ત કરવાનો રિવાજ છે. કોઈ ભૂખ્યું ન રહે એ ફરજ સમાજની છે. નાનપણથી જ બાળકોને બીજાને આપવાની ભાવના કેળવીએ..!

તો વાચકમિત્રો! ભૂંડામાં ભૂંડી છે ભૂખ, અને તેથીય ભૂંડાં છે એનાં વિનાશક અને ખતરનાક પરિણામ પણ સંસાર તો ચાલતો જ રહેવાનો ગમે તેટલી મોંઘવારી હોય તો પણ...! અન્નના પ્રશ્નનું સંપૂર્ણ નિરાકરણ થવું શક્ય નથી!

]દરિયો પૂરવો સહેલો છે, પેટ પૂરવું મુશ્કેલ છે પણ એક વાત યાદ રાખીએ 'પરસ્પરના શોષણને બદલે પોષણ કરીએ' આ ભાવના વણાઈ જાય તો થોડી સમસ્યા હલ થાય ખરી....!

## સુવર્ણરજ

ભરઉનાળે તાપને સહેતાં રહો..!
છાંયડો વડલાસમો દેતા રહો...!
કોઈની બળતી બપોરે વાટમાં...!
મંદ મલયાનિલ શા વહેતાં રહો...!
સહન કરીને પણ સહાયક બનતાં રહો...!